For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# કેવું હશે સુરતનું અંત્રોલી ખાતેનું બુલેટ ટ્રેન સ્ટેશન? પેનોરામિક લૂક જાહેર કરાયો



દેશના પ્રથમ બુલેટ ટ્રેન કોરિડોર પર સુરતના અંત્રોલી ખાતે બુલેટ ટ્રેન સ્ટેશન અદ્યતન ડિઝાઈન અને ભવ્ય એન્જિનિયરિંગ સાથે આકાર લઈ રહ્યું છે. મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ અંતર્ગત નિર્માણધીન સુરત બુલેટ ટ્રેન સ્ટેશનનો આ પેનોરેમિક દ્રશ્ય સ્ટેશનના વિશાળ સ્ટ્રક્ચર અને પ્લેટફોર્મ એરિયાના ઝડપી પ્રગતિ કાર્યની ઝાંખી કરાવે છે.

---

**ડોંગરીપાડા ગ્રામસભાના 300 થી વધુ બોગસ ઠરાવ પરથી સમગ્ર પ્રકરણ બહાર આવ્યું**

# જંગલની 1,500 હે. જમીન ઉપર લોકોનો કબજો!

**ગ્રામસભાએ** 300થી વધુ દાવેદારોના ઠરાવને ખોટો ગણાવી આ મુદ્દે ક્યારેય સભા ન થયાની માહિતી આપી

**આ વિસ્તાર** ડોંગરીપાડા ગ્રામસભામાં આવતો ન હોવા છતાં ત્યાંનો બોગસ ઠરાવ દાવામાં મુકાયો છે




સુરતઃ સુરત જિલ્લાના ફોરેસ્ટ રેન્જને અડીને આવેલા જંગલ વિસ્તારમાં નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના નાલ, ખોપી સહિત આશરે 12 ગામોના લોકો દ્વારા અંદાજે 1,500 હેક્ટર જમીન પર જંગલોનું નિકંદન કાઢી કબજો કરાયો છે. અને ત્યાં ખેતી કરીને આ જમીન તેમની હોવાનો દાવો કરી રહ્યા છે. જોકે ડોંગરીપાડા ગ્રામસભાએ આ અંગે કોઈ ઠરાવ ક્યારેય કર્યો ન હોવાનું સામે આવતા જમીન ઉપર કબજો થયાનું સામે આવી રહ્યું છે. કબજેદારો વસવાટ અને ખેતી કરતા હોવાનો દાવો કરી જમીન પર હક માગી રહ્યા

...અનુસંધાન પાના 9 પર

### દાવામાં કટ-ઓફ તારીખો પણ બની મુદ્દો

- 13 ડિસેમ્બર 2005 પહેલાંથી જમીન પર ખેતી અથવા કબજો હોવો જોઈએ
- 31 ડિસેમ્બર 2007 સુધી સ્થળ ઉપર કબજો હોવો જોઈએ
- આ કેસમાં દાવેદારો 2010 પછી અહીં આવ્યા હોવાનો આક્ષેપ છે

### વર્ષોથી વસવાટના દાવા સામે સેટેલાઈટ ઈમેજમાં 2013માં ગાઢ જંગલ, 2014માં જંગલ ગાયબ

આ પ્રકરણમાં સૌથી મહત્ત્વનો પુરાવો સેટેલાઈટ ઈમેજને ગણાવવામાં આવી રહ્યો છે. ઈસરોના નેશનલ રિમોટ સેન્સિંગ સેન્ટર (NRSC)ની ઈમેજનો હવાલો આપતા જણાવાય છે કે વર્ષ 2005, 2007 અને 2009ની ઈમેજમાં આ વિસ્તાર જંગલથી આચ્છાદિત જોવા મળે છે. વર્ષ 2013ની ઈમેજમાં પણ અહીં ગાઢ જંગલ હોવાનું સ્પષ્ટ

...અનુસંધાન પાના 9 પર

---

**કોસંબામાં ચાર વર્ષ પહેલા ટ્રિપલ મર્ડર થયાનો સનસનીખેજ ખુલાસો**

# પાંચ વર્ષ પહેલા જ વૃદ્ધાની હત્યા કરી લાશને ડ્રમમાં પેક કરી દાટી દેવાઈ હતી!

**પૌત્રી** અને તેના કૌટુંબિક ભાઈને ફસાવવાની સોપારી જેવી કહાની ઘડનાર પતિ જ પત્ની સાથે ત્રણ હત્યામાં સંડોવાયેલો હોવાનું ખૂલ્યું

**લકવાગ્રસ્ત** માતા, ટી.બી.ગ્રસ્ત સાળી બાદ વૃદ્ધ દાદીની હત્યા; દાગીના-રોકડ અને મકાન કબજે કરવાની લાલચે હત્યાઓ કર્યાનો તપાસમાં ખુલાસો




કોસંબા, અમદાવાદઃ સુરત જિલ્લાના કોસંબાના જૂના વડ ફળિયા વિસ્તારમાં કોઈ સસ્પેન્સ થ્રિલર ફિલ્મને પણ પાછળ પાડી દે તેવી ટ્રિપલ મર્ડરની સનસનાટીભરી ઘટના સામે આવી છે. પોતાની પત્ની અને તેના કૌટુંબિક ભાઈને ફસાવવા માટે ખોટી બાતમી આપનાર પતિ જ પોતાની જાળમાં ફસાયો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને કોસંબા પોલીસની સંયુક્ત તપાસમાં ખૂલાસો થયો છે કે જૂના કોસંબાના વડ ફળિયામાં રહેતી શાંતાબેન ગંભીરભાઈ વસાવાની પૌત્રી જયાબેન સાથે લગ્ન કરનાર માધવદાસ ભક્તિરામ સાધુ (ઉં.વ.40) નામના શખ્સે વર્ષ-

...અનુસંધાન પાના 9 પર

### પત્ની સાથેની અદાવતમાં પતિએ જ પોલીસને ખોટી બાતમી આપી

આ સમગ્ર ઘટનાનો પર્દાફાશ એક ખોટી અરજીથી થયો હતો. માધવદાસ અને તેની પત્ની ઉર્મિલા છેલ્લા આઠેક મહિનાથી અલગ રહેતા હતા. ઉર્મિલા દાગીના, રોકડ અને પુત્રને લઈને જતી રહી હોવાથી માધવદાસે તેની સામે અદાવત રાખી હતી. પત્ની અને તેના પરિવારને પાઠ ભણાવવા માધવદાસે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં બાતમી આપી હતી કે ઉર્મિલા

...અનુસંધાન પાના 9 પર

### બીમાર માતા અને સાળીને પણ મોતને ઘાટ ઉતાર્યા

પોલીસ તપાસમાં વધુ એક અત્યંત ચોંકાવનારો ખુલાસો થયો કે આ દંપતીએ અગાઉ વર્ષ 2022માં અન્ય બે હત્યાઓ પણ કરી હતી. માધવદાસની માતા (ઉર્મિલાની સાસુ) મંજુલાબેન ભક્તિરામ સાધુ લકવાગ્રસ્ત હતાં, જ્યારે ઉર્મિલાની બહેન ભગવતી કમલેશભાઈ વસાવા ટી.બી.ની બીમારીથી પીડાતી હતી. આ બંને બીમાર મહિલાઓની દૈનિક સાર-સંભાળ રાખવાની જવાબદારીમાંથી કંટાળીને દંપતીએ બંનેનું મોઢું ઓશીકાથી દબાવીને નિર્મમ હત્યા કરી નાખી હતી. હત્યા બાદ મંજુલાબેનના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા. જ્યારે ભગવતીના મૃતદેહને દફનાવવામાં આવ્યો હતો.

---

# 10 માસનું બાળક ગોડાઉનમાં રમતું હતું અને ટેમ્પો ફરી વળ્યો

**મોટા** વરાછામાં માતા-પિતા સેન્ટિંગનો સામાન ઉતારી રહ્યા હતા ત્યારે અકસ્માત સર્જાયો, ચાલક ફરાર

સુરતઃ મોટા વરાછા-અબ્રામા ગામ ખાતે આવેલા શટરિંગ ગોડાઉનમાં માતા-પિતા સેન્ટિંગનો સામાન ઉતારી રહ્યા હતા. ત્યારે નજીકમાં રમતા 10 મહિનાના માસૂમ બાળકને ટેમ્પો ચાલકે અડફેટે લેતાં તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ ટેમ્પો ચાલક વાહન મૂકીને ફરાર થઈ ગયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ મધ્યપ્રદેશના વતની સાવનભાઈ સસ્તીયા હાલ મોટા વરાછા સ્થિત અબ્રામા ગામના ડીજેપી શટરિંગ ડેપો ગોડાઉનમાં મજૂરી કામ કરે છે. કાલે સાંજે તેમનો 10 મહિનાનો પુત્ર ભવ્ય ગોડાઉનમાં બેઠો-બેઠો રમી રહ્યો હતો. દરમિયાન સાવનભાઈ અને તેમની પત્ની ટેમ્પોમાંથી સેન્ટિંગનો સામાન ઉતારી રહ્યા હતા. આ સમયે ટેમ્પો ચાલક નિર્મિતે અડધો સામાન

...અનુસંધાન પાના 9 પર

# સુરતમાં એમ્બ્રોઈડરીમાં કારીગરોને હવે સાપ્તાહિક રજા આપવી પડશે

**કાયદેસર** વેતનના નિયમોનું પાલન કરવું પડશે, કલેક્ટર-શ્રમ વિભાગે એસોસિએશનોને પરિપત્ર ફટકાર્યો

સુરત : સુરતના ટેક્સટાઈલ અને એમ્બ્રોઈડરી ઉદ્યોગ સાથે સંકળાયેલા લાખો શ્રમિકો માટે રાહતના સમાચાર છે. વર્ષોથી સાપ્તાહિક રજા, કામના કલાકો અને કાયદેસર વેતન સહિતના

...અનુસંધાન પાના 9 પર

### 'આ હજારો કામદારોની પ્રારંભિક જીત છે': અજય ડી. દુબે

મજૂર યુનિયનના પ્રતિનિધિ અજય ડી.દુબેએ જણાવ્યું હતું કે, ઘરણા પહેલાં જ કલેક્ટર અને શ્રમ વિભાગ દ્વારા પ્રતિનિધિઓને બોલાવી પરિપત્ર આપવામાં આવ્યો છે. તેમના જણાવ્યા મુજબ અગાઉ અનેક વખત આ મુદ્દે સંઘર્ષ કરવામાં આવ્યો હતો, પરંતુ સત્તાવાર પરિપત્રની રાહ જોવાઈ રહી હતી. હવે જે કંપની અથવા યુનિટ શ્રમ કાયદાની જોગવાઈઓનું પાલન નહીં કરે તેની સામે શ્રમ વિભાગ સમક્ષ લેખિત ફરિયાદ કરવામાં આવશે અને કાયદેસરની કાર્યવાહી માટે રજૂઆત કરાશે. એમ્બ્રોઈડરી ક્ષેત્રે લાંબા સમયથી કામ કરતા શ્રમિક ધર્મેન્દ્ર વર્માએ જણાવ્યું હતું કે, તેઓ છેલ્લાં 15 વર્ષથી આ ક્ષેત્રમાં કામ કરે છે. તેમના જણાવ્યા મુજબ લાંબા સમયથી રવિવાર કે અન્ય રજાઓમાં પણ કામ કરવું પડતું હતું.

---

# સુરતની તમામ હોટેલ અને રેસ્ટોરન્ટના રસોડામાં હવે કેમેરા લગાડવા ફરજિયાત

**રસોડામાં** બનતી રસોઈને ગ્રાહકો લાઈવ જોઈ શકે તેવી રીતે અલગ ટીવીની વ્યવસ્થા કરવાની રહેશે

**સુરત** મહાપાલિકા દ્વારા જાહેરનામું બહાર પડાયું, આદેશનો અનાદર થશે તો ફૂડનું લાઈસન્સ સસ્પેન્ડ કરી દેવાશે

સુરતઃ અમદાવાદની જેમ હવે સુરતમાં પણ તમામ હોટેલ અને રેસ્ટોરન્ટના કિચનમાં કેમેરા લગાડવા પડશે અને જે રસોઈ બની રહી છે તેને ગ્રાહકો લાઈવ જોઈ શકે તેવી રીતે વ્યવસ્થા કરવાની રહેશે. સુરત મનપા દ્વારા આજે આ અંગે એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું.

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકોના સ્વાસ્થ્ય અને ખાદ્ય સુરક્ષાને ધ્યાનમાં રાખીને એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ આદેશ અનુસાર, સુરત મહાનગરપાલિકાના કાર્યક્ષેત્રમાં આવતી તમામ હોટલ, રેસ્ટોરન્ટ, ઢાબા અને કેન્ટીન જેવા સ્થળો જ્યાં ખોરાક બનાવીને પીરસવામાં આવે છે, તે તમામ સંસ્થાઓના માલિકોએ પોતાના કિચનમાં સીસીટીવી કેમેરા લગાવવાના રહેશે. આ સીસીટીવીનું લાઈવ ફૂટેજ ગ્રાહકો જોઈ શકે તે માટે ઓન-સ્ક્રીન કાઉન્ટર અથવા અલગ ટીવીમાં લાઈવ ટેલિકાસ્ટ દેખાય તેવી અલાયદી વ્યવસ્થા કરવાની રહેશે. આ પગલાથી ગ્રાહકો પોતે જોઈ શકશે કે તેમનું ભોજન કેટલી સ્વચ્છતા અને સુરક્ષા સાથે બનાવવામાં આવી રહ્યું છે. સુરત મહાનગરપાલિકાના મેડિકલ ઓફિસર દ્વારા જાહેર કરાયેલા આ જાહેરનામાનો ત્વરિત અમલ કરવો તમામ સંસ્થાના માલિકો માટે ફરજિયાત રહેશે. જો કોઈ

...અનુસંધાન પાના 9 પર

# સુરતથી ઉદયપુર વંદે ભારતનું બુકિંગ આજથી શરૂ, કાલે ટ્રાયલ રન

**કાલે** માત્ર ઉદ્દઘાટન જ કરાશે, 4 ઓક્ટોબરથી નિયમિત સેવા શરૂ થશે

**માત્ર** 7.30 કલાકમાં 530 કિમીનું અંતર, એક્ઝિક્યુટિવ અને એસી ચેર કારની સુવિધા

સુરતઃ દિવાળીના તહેવારો પહેલા દક્ષિણ ગુજરાત અને મેવાડના મુસાફરો માટે ખુશખબર છે. પશ્ચિમ રેલવેએ સુરત-ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસ (26903/26904) નું બુકિંગ 1 ઓક્ટોબર, 2026થી શરૂ કરવાની સત્તાવાર જાહેરાત કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, મુસાફરો તમામ PRS કાઉન્ટર અને IRCTCની વેબસાઈટ irctc.co.in પરથી એડવાન્સ ટિકિટ બુક કરાવી શકશે. રેલવેના જણાવ્યા મુજબ, આ સ્વદેશી ટેકનોલોજીથી નિર્મિત

...અનુસંધાન પાના 9 પર

### ભાડાને લઈ અટકળો તેજ બની

બુકિંગને એક દિવસ બાકી છે ત્યારે ભાડાને લઈ અટકળો તેજ બની છે. રેલવે સૂત્રોના અંદાજ મુજબ એસી ચેર કારનું ભાડું રૂ.1100થી 1400ની વચ્ચે અને એક્ઝિક્યુટિવ ચેર કારનું ભાડું રૂ.2200થી 2600ની વચ્ચે રહેવાની ધારણા છે. જોકે, રેલવેએ હજુ સત્તાવાર ફેર ચાર્ટ જાહેર કર્યો નથી, અંતિમ ભાડું 1 ઓક્ટોબરે બુકિંગ ખુલ્યા બાદ જ સ્પષ્ટ થશે. રેલવેએ મુસાફરોને તમામ રિઝર્વ્ડ ટિકિટ સાથે ઓરિજિનલ આઈડી પ્રૂફ સાથે રાખવા અપીલ કરી છે.

# ગુજસીટોકના આરોપીને ૧૦ છોડ રોપવાની શરતે જામીન અપાયા

**બીએનએસની** નવી જોગવાઈ હેઠળ પ્રથમ વખત સુરત કોર્ટમાં હુકમ કરાયો

સુરતઃ સુરત કોર્ટમાં પ્રથમ વખત ૧૦ છોડ રોપવાની શરતે ગુજસીટોકનો આરોપી નાસીર અનવર હુશેન સન્ધવાણીને જામીન મુક્ત કરવા મુખ્ય ન્યાયાધીશ રાહુલ ત્રિવેદીએ હુકમ કર્યો હતો. આરોપી દિવાન ગેન્ગાનો સભ્ય હતો. જેઓ સંગઠિત ગુનાખોરી આચરતા હતા. આરોપી વિરુદ્ધ ધરપકડ વોરંટના આધારે જેલમાં બંધ હતો. આરોપીએ વકીલ મારફતે જામીન પર છુટવા માટે અરજી કરી હતી. આ અરજીની સુનાવણી દરમિયાન મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલા હાજર રહ્યાં હતાં.

જેઓએ જામીન અરજીનો વિરોધ કરતાં બીએનએસની નવી જોગવાઈમાં કોમ્યુનિટી સર્વિસની સજાની જોગવાઈ કરવામાં આવી હોવાનું ધ્યાને મુક્યું હતું. બંન્ને પક્ષની રજૂઆત બાદ મુખ્ય ન્યાયાધીશ રાહુલ ત્રિવેદીએ બીએનએસની કલમ ૪ને ધ્યાને લઈ આરોપી નાસીરને ૧૦ છોડ રોંપીને સંપૂર્ણ રિપોર્ટ કોર્ટમાં રજૂ કરવાની શરતે આરોપીનાં જામીન મંજૂર કર્યા હતા.

---

**દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ ખોલી શકાય છે પરંતુ ડેન્ટલ કોલેજના મામલે ભારે અન્યાય**

**ના સરકારી, ના ખાનગી**

# દ. ગુ.માં એકપણ ડેન્ટલ કોલેજ જ નથી!

**સુરત** સહિત દક્ષિણ ગુજરાતના વિદ્યાર્થીઓએ ફરજિયાતપણે અન્ય શહેરોમાં ખાનગી કોલેજોમાં લાખો રૂપિયાની ફી આપવી પડે છે

સુરતઃ સમગ્ર દક્ષિણ ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે એક અત્યંત ગંભીર અને ચિંતાજનક બાબત સામે આવી છે. વડોદરાથી લઈને છેક વાપી સુધીના વિશાળ ભૌગોલિક વિસ્તારમાં ભારત આઝાદ થયાના સાત દાયકા પછી પણ હાલમાં એક પણ સરકારી કે ખાનગી ડેન્ટલ કોલેજ (દંત ચિકિત્સા મહાવિદ્યાલય) કાર્યરત નથી. મેડિકલ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગતા સ્થાનિક વિદ્યાર્થીઓને આ શૈક્ષણિક ખાધને કારણે ભારે નુકસાન વેઠવું પડી રહ્યું છે. આ સમસ્યાના કાયમી નિરાકરણ

...અનુસંધાન પાના 9 પર

### અમદાવાદમાં એક સરકારી અને એક મનપાની ડેન્ટલ કોલેજ છે, સુરતમાં પણ મનપા ડેન્ટલ કોલેજ શરૂ કરી શકે છે

અમદાવાદમાં છે અને વડોદરામાં બે ડેન્ટલ કોલેજ છે. જ્યારે સુરતમાં એકપણ ડેન્ટલ કોલેજ નથી. અમદાવાદ અને ગાંધીનગરમાં જે છ ડેન્ટલ કોલેજ છે તેમાં એક સરકારી અને એક મહાપાલિકાની ડેન્ટલ કોલેજ છે. જ્યારે બાકીની ચાર ખાનગી કોલેજો છે. સુરતમાં પણ મહાપાલિકા ચાહે તો ડેન્ટલ કોલેજ શરૂ કરી શકે છે. સુરતમાં ડેન્ટલ કોલેજ માટે પુરતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે જ.

### ભૂતકાળમાં નવી સિવિલમાં ડેન્ટલ કોલેજ માટે સરવે થયો હતો પરંતુ...

સુરતની નવી સિવિલ હોસ્પિ.માં ડેન્ટલ કોલેજ શરૂ કરવા માટેની તમામ ફેસિલિટી છે જ.

...અનુસંધાન પાના 9 પર

# સપ્ટે.ના અંતિમ દિવસે ગરમીનો પારો 35 ડિગ્રી, ત્રણ વર્ષનો રેકોર્ડ તૂટ્યો

**ચોમાસાની** વિદાય વચ્ચે પવનની દિશા બદલાઈ, ઉત્તરનો પવન ફુંકાયો, લઘુત્તમ તાપમાનમાં પણ એક ડિગ્રીનો વધારો

સુરતઃ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાંથી ચોમાસાની વિદાયની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે ત્યારે શહેરના વાતાવરણમાં ગરમીનો અનુભવ વધવા લાગ્યો છે. છેલ્લા ત્રણ-ચાર દિવસથી મહત્તમ તાપમાનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. સપ્ટેમ્બર મહિનાના અંતિમ દિવસે આજે સુરતમાં મહત્તમ તાપમાન 35 ડિગ્રી સેલ્સિયસ નોંધાતાં સપ્ટેમ્બર મહિનાના છેલ્લા ત્રણ વર્ષનો રેકોર્ડ તૂટ્યો હતો. હવામાનના આંકડા મુજબ વર્ષ 2022માં સપ્ટેમ્બર મહિનામાં શહેરનું મહત્તમ તાપમાન 35.5 ડિગ્રી નોંધાયું

...અનુસંધાન પાના 9 પર

**સપ્ટેમ્બરમાં પાંચ વર્ષનું મહત્તમ તાપમાન**

| વર્ષ | મહત્તમ તાપમાન |
|---|---|
| 2026 | 35.0 સે. |
| 2025 | 34.0 સે. |
| 2024 | 33.8 સે. |
| 2023 | 34.6 સે. |
| 2022 | 35.5 સે. |

---


અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

અનાવિલ અવસાન



સ્વ. નયનાબેન (નીતાબેન) રાજેન્દ્રભાઇ દેસાઇ
સ્વ.તા. ૨૯/૦૯/૨૦૨૬

અમારા સ્વજન અ.સૌ. નયનાબેન (નીતાબેન) રાજેન્દ્રભાઇ દેસાઇનું તા. ૨૯/૦૯/૨૦૨૬ને મંગળવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. પરમાકૃપાળુ પરમાત્મા તેમનાં દિવ્ય આત્માને ચિરશાંતિ અર્પે એવી પ્રાર્થના.

નોંધઃ- બેસણાની વિધિ રાખવામાં આવી નથી. પોતપડીકા તથા લૌકિક રિવાજ બંધ છે.

પિયરપક્ષઃ
સ્વ. રમેશચંદ્ર છગનલાલ દેસાઇ (ભાઇ)
ગં.સ્વ. મંજુલાબેન આર. દેસાઇ (ભાભી)
પ્રતિક રમેશચંદ્ર દેસાઇ (ભત્રીજો)
સુરત

લિ. રાજેન્દ્ર ઇશ્વરલાલ દેસાઇ (પતિ)
વિશ્વજીત આર. દેસાઇ (દિયર)
કેતનકુમાર રાજેન્દ્ર દેસાઇ (પુત્ર)
જાનકી કેતનકુમાર દેસાઇ (પુત્રવધુ)
હિતાંગ કેતન દેસાઇ (પૌત્ર)
હેતલ સંજયકુમાર દેસાઇ (પુત્રી)
સંજયકુમાર અમૃતલાલ દેસાઇ (જમાઇ)
હર્ષ-જીલ અને આયુષી (દોહિત્ર)

નિવાસસ્થાનઃ મુ.પો. પીપલધરા, પો. ખારેલ, તા. ગણદેવી, જિ. નવસારી

આઠમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. કાંતીલાલ બળવંતરામ ભરૂચા
સ્વ.તા. ૦૧-૧૦-૨૦૧૮

પળે પળે યાદ આવે છે તમારી, નજર સામે તરે છે તસ્વીર તમારી, અમોને ખોટ રહેશે તમારી, તમારા વિયોગમાં ભીંજાય છે આંખલડી અમારી. જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે, કર્મ એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજયા કરે, ઈશ્વર આપના આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ. ગં.સ્વ. ઉષાબેન કાંતીલાલ ભરૂચા
સુમનબેન રમેશચંદ્ર જરીવાલા
હરીશ ભરૂચા
સુનીલ ભરૂચા
શ્રેય ભરૂચા
હર્નીષા પુથાવાલા
નિતા ભરૂચા
રેશ્મા ભરૂચા
દીપીકા વખારીયા
ધર્મિષ્ઠા મહુવાગરા
અનુરાધા બચકાનીવાલા
તથા સમસ્ત ભરૂચા પરિવાર

શ્રદ્ધાંજલિ



સ્વ. જયંતિભાઈ સુખાભાઈ પટેલ
સ્વ. તા. ૨૯/૦૯/૨૦૨૬

મનુષ્ય જીવન મળવું એ તો સૌભાગ્યા નું પરિણામ છે. મુત્યુ થવું એ સમયનો ખેલ છે. જયારે મૃત્યુ પછી પણ લોકો ના હૃદયમાં જીવીત રહેવું, એ જીંદગીમાં કરેલા સતકર્મોનું પરિણામ છે. તમે અમારા હૃદયમાં હંમેશા માટે અમર છો.

લિ. સ્વ. હસમુખભાઈ કેશવભાઈ પટેલ
ગં.સ્વ.શારદાબેન હસમુખભાઈ પટેલ
જીમ્મીકુમાર હસમુખભાઈ પટેલ
નેન્સી જીમ્મીકુમાર પટેલ
રીપલ જગદીશભાઈ પટેલ
જ્યોતિ રીપલભાઈ પટેલ
પ્રાશ્વ - રુદ્રાંશ